RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 221, Dt.05-12-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બાંગ્લાદેશમાં સ્થિતિ બેકાબુઃ ૨૦૦ હિન્દુ પરિવારોએ હિજરત કરી

## બાંગ્લાદેશી મૌલાનાએ ભારત વિરૂધ્ધ ઝેર ઓકયું : લાલ કિલ્લો કબ્જે કરવાના ઓરતા : મોદી – મમતાને ધમકીઃ ૧૪ કરોડ બાંગ્લાદેશી મુસ્લિમો ૨૮ કરોડ હાથમાં લાકડીઓ લઇ લાલ કિલ્લો કબ્જે કરશે

**મુખ્ય સમાચાર,ઢાકા**

બાંગ્લાદેશમાં હિન્દુઓની સામે થઈ રહેલી હિંસાની ઘટના સતત વધી રહી છે. યૂનુસ સરકારના વચન છતાં અલ્પસંખ્યકોને નિશાનો બનાવવામાં આવી રહ્યા છે. સુમનગંજ જિલ્લામાં કટ્ટરપંથીઓની ભીડ હિન્દુઓનો ઘર પર હુમલા કરી રહી છે.

થોડા દિવસો પહેલાં હિન્દુઓના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો. એક ફેસબુક પોસ્ટમાં હિન્દુ યુવક ઈશ નિંદાનો આરોપ લગાવી હિંસાને અંજામ આપવામાં આવ્યો હતો. ઉગ્રવાદીઓની ભીડે ૧૦૦થી વધારે હિન્દુઓના ઘરમાં તોડફોડ કરી. ઘરમાં બનેલા પૂજા સ્થળો અને મંદિરોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર ઘટનામાં પોલીસે ઈશનિંદાના આરોપમાં સુમનગંજના મંગલાર ગામના રહેવાસી ૨૦ વર્ષીય આકાશ દાસની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, હાલ ૨૦૦થી વધારે હિન્દુ પરિવારો હિજરત કરી ચુક્યા છે. સમગ્ર સત્તા પરિવર્તન અને હિંસાની વધતી જતી ઘટના બાદ બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ પહેલીવાર સાર્વજનિક સંબોધન કર્યું છે. બાંગ્લાદેશના વિજય દિવસ પર ન્યૂયોર્કના એક કાર્યક્રમમાં પોતાના વર્ચ્યુઅલ સંબોધનમાં હસીનાએ યૂનુસ સરકાર પર અલ્પસંખ્યકો ખાસ કરીને હિન્દુઓ પર પૂર્વનિયોજિત નરસંહારનો આરોપ લગાવ્યો છે. હસીનાએ કહ્યું કે, યૂનુસ સરકાર મારી અને બહેન રેહાનાની હત્યા કરાવવા ઈચ્છે છે. મેં બાંગ્લાદેશ છોડવાનો નિર્ણય લોકોનો જીવ બચાવવા માટે કર્યો હતો, ન કે પોતાનો જીવ બચાવવા માટે.




વળી, અમેરિકન કોંગ્રેસી બ્રેડ શેરમને એક નિવેદન આપીને બાંગ્લાદેશની વચગાળાની સરકારને હિન્દુ અલ્પસંખ્યકોની સુરક્ષા કરવા કહ્યું. તેમજ હાલમાં થઈ રહેલાં હુમલા અને ઉત્પીડનને લઈને હિન્દુઓ અને અલ્પસંખ્યક સમુદાય દ્વારા ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનને પણ સંબોધિત કરવા જણાવ્યું હતું. શેરમને કહ્યું કે, વર્તમાન વહીવટી તંત્રએ હિન્દુ સમુદાયને નિશાનો બનાવીને કરવામાં આવી રહેલી હિંસા સામે કાર્યવાહી કરી તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નેતૃત્ત્વ બતાવવું જોઈએ. બાંગ્લાદેશની વચગાળાની સરકારની જવાબદારી છે કે, તે પોતાના હિન્દુ અલ્પસંખ્યકોની રક્ષા કરે અને દેશમાં થઈ રહેલાં હુમલા અને ઉત્પીડનના કારણે જે હજારો અલ્પસંખ્યક હિન્દુઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે, તેમને સંબોધિત કરે.

બીજી તરફ બાંગ્લાદેશમાં હિંદુઓની વર્તમાન સ્થિતિને જોતા મૌલાના ઈનાયતુલ્લા અબ્બાસીએ કહ્યું છે કે ૧૪ કરોડ બાંગ્લાદેશી મુસ્લિમો ૨૮ કરોડ હાથમાં લાકડીઓ લઈને લાલ કિલ્લો કબજે કરશે. ઈનાયતુલ્લા અબ્બાસીએ કહ્યું કે હું બંને (પીએમ મોદી અને મમતા બેનર્જી)ને કહીશ કે સાવધાન રહો, જો તમે બાંગ્લાદેશ તરફ હાથ ઉઠાવશો તો ૧૪ કરોડ બાંગ્લાદેશી તે હાથ તોડી નાખશે. બાંગ્લાદેશનો દુશ્મન ભારત છે.ગયા શુક્રવારે, બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં સૂત્રોચ્ચાર કરતા ટોળાએ ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરી હતી. ઈસ્કોનના ભૂતપૂર્વ સભ્ય સામે દેશદ્રોહનો કેસ નોંધાયા બાદ ચટ્ટોગ્રામમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. ન્યૂઝ પોર્ટલ 'bdnews24.com'એ તેના સમાચારમાં જણાવ્યું હતું કે બંદર શહેરના હરીશ ચંદ્ર મુનસેફ લેનમાં બપોરે ૨:૩૦ વાગ્યે હુમલો થયો હતો અને આ દરમિયાન શાંતેશ્વરી માતા મંદિર, શનિ મંદિર અને શાંતનેશ્વરી કાલીબારી મંદિરને નિશાન બનાવવામાં આવ્યા હતા.

# આંતરરાષ્ટ્રીય શિક્ષણ બોર્ડ-સંસ્થાઓ સાથે જોડાણ ધરાવતી ગુજરાતની સંખ્યાબંધ સ્કુલોને જીએસટીની નોટિસ

## ૨૦૧૭ની પાછલી અસરથી ટેકસ ચુકવવા સુચના : જોડાણ ધરાવતી દરેક સ્કુલને ૨૫-૩૦ લાખ ચુકવવા પડે તેવી નોબત

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

આંતર રાષ્ટ્રીય શિક્ષણ બોર્ડ-સંસ્થાઓ સાથે જોડાણ ધરાવતી ગુજરાતની સંખ્યાબંધ સ્કુલોને જીએસટી વિભાગે નોટીસ ફટકારતાં શિક્ષણ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. ૨૦૧૭ ની પાછલી અસરથી જોડાણ ફીમાં ૧૮ ટકાના દરે ટેકસ ભરવા સુચવાયું છે. આ કદમથી સ્કુલો ફી વધારો કરે તેવા પણ ભણકારા છે.

સ્કુલો દ્વારા આંતર શિક્ષણ બોર્ડ સાથેના જોડાણને આયાતી સેવા ગણવામાં આવી રહી છે અને રીવર્સ ચાર્જ મિકેનીઝમ હેઠળ ૧૮ ટકાના દરે જીએસટી ચુકવણાનું કહેવામાં આવ્યું છે. ટેકસ જવાબદારીનો આ આંકડો લાખોમાં થવા જાય તેમ હોવાથી સ્કુલ સંચાલકો તેનો બોજ વિદ્યાર્થીવાલીઓ પર ઝીંકી શકે છે.

પરિણામે ફી વધારાની સ્થિતિ સર્જાશે. કરવેરા નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે કાયદાનુસાર સેવા (સર્વીસ) ની આયાત સપ્લાય તરીકે ગણાય છે અને તે કરપાત્ર છે.કેમ્બ્રીજ સ્કુલોએ ૧૮ ટકાના ધોરણે જીએસટી ચુકવવો પડે ૧ જુલાઈ ૨૦૧૭ ની પાછલી અસરથી તે માંગવામાં આવ્યો છે.

જીએસટી કાઉન્સીલની ગત સપ્ટેમ્બરમાં યોજાયેલી બેઠકમાં આ મુદ્દે સ્પષ્ટતા થયા બાદ સ્કુલોને નોટીસો ફટકારવામાં આવી છે. જીએસટી કાઉન્સીલે સ્પષ્ટ કર્યું હતું કે સેન્ટ્રલ શિક્ષણ બોર્ડ કાઉન્સીલ અથવા સમાન સંસ્થા દ્વારા અપાતી જોડાણ સેવા કરપાત્ર બને છે.

શિક્ષણ સેવા પર કોઈ જીએસટી નથી પરંતુ સ્કુલોનાં જોડાણ સહીતની અન્ય સેવા જીએસટીનાં દાયરામાં આવે છે. રિવર્સ ચાર્જ મીકેનીઝમ હેઠળ ઈનપુટ યેકસ ક્રેડીટનાં લાભ વિના સ્કુલો ૧૮ ટકા જીએસટી ચુકવવા બંધાયેલી છે.

કરવેરા નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, જીએસટી વિભાગે ટેકસ ઉપરાંત ચડત વ્યાજ અને પેનલ્ટીની રકમ ઉમેરીને નોટીસો ફટકારી છે. આવી સ્કુલને અંદાજીત ૨૫ થી ૩૦ લાખ




ચુકવવાની નોટીસ છે. આ પ્રકારની નોટીસથી સ્કુલ સંચાલકો સ્તબ્ધ બની ગયા છે અને કાનુની સલાહ મેળવવા લાગ્યા છે.

કેમ્બ્રીજ એન્ડ ઈન્ટરનેશનલ બોર્ડ સાથે જોડાણ ધરાવતી જે.જી.ઈન્ટરનેશનલ સ્કુલનાં ચેરમેન એમ.પી.ચંદ્રને કહ્યું કે જીએસટી વિભાગની કાર્યવાહી એકતરફી છે અને સુનાવણી માટે પણ તેડાવાયા નથી. તુલીપ, આનંદ નિકેતન સહીત રાજયની ૫૦ જેટલી સ્કુલોને આ પ્રકારની નોટીસો ફટકારવામાં આવી છે.

# મહાકૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલા હજુ પોલીસ પકકડથી દુર

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતમાં ૬૦૦૦ કરોડથી વધુ રોકાણ મેળવીને મહાકૌભાંડ આચરનારા બીઝેડ ગ્રુપનાં કારસ્તાનમાં નવા-નવા ખુલાસા થઈ રહ્યા છે. શુભમન ગીલ, રાહુલ તેવટીયા, સહીત પાંચ ક્રિકેટરોનું રોકાણ હોવાનું પણ બહાર આવ્યુ છે. ફિલ્મ અભિનેતા સોનુ સુદના રોકાણની પણ ચર્ચા છે. ઉપરાંત શિક્ષણ જગતમાંથી શિક્ષકોએ પણ મોટુ રોકાણ કર્યુ હોવાનું જાહેર થયુ છે. ગુજરાતના મહાકૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાની તપાસનો રેલો કેટલો દુર જશે એ તો ખબર નથી. પરંતુ તેની ઝપટમાં ભારતીય ક્રિકેટરો પણ આવ્યા હોવાનું સામે આવ્યુ છે.ભારતના જાણીતા ક્રિકેટરોએ




ઝાલાની સ્કીમમાં લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું. સીઆઈડીની તપાસના ક્રિકેટરોએ પૈસા રોકયાનુ ખુલ્યુ છે.પોલીસ સુત્રો પાસેથી માહીતી મુજબ અંદાજે ૫ જેટલા ક્રિકેટરોએ બીઝેડ ગ્રુપમાં રોકાણ કર્યુ હતું અને ક્રિકેટરોનાં નામ પણ સામે આવ્યા છે. જેમાં ક્રિકેટર શુભમન ગીલ, રાહુલ તેવટીયા, મોહીત શર્મા, સાંઈ સુદર સહીત પાંચ ક્રિકેટર્સનાં નામ પણ મળ્યા છે. આ ઉપરાંત એકટર સોનુ સુદના નામની પણ તપાસ થઈ રહી છે.કારણ કે સોનુ સુદ ભૂપેન્દ્રસિંહ ઝાલાના એક કાર્યક્રમમાં હાજર રહ્યો હતો. સમગ્ર કૌભાંડ કર્યા બાદ અને રોકાણકારોને નવડાવ્યા બાદ હવે ભૂપેન્દ્રસિંહ ઝાલા ફરાર થઈ ગયો છે.

# રાજકારણમાં આવનારે અણછાજતી ટિપ્પણીનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ : સુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બદનક્ષીના કેસમાં કેન્દ્રીય પ્રધાન એલ મુરુગનની અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે બુધવારે અવલોકન કર્યું હતું કે, રાજકારણમાં પ્રવેશ કરનાર વ્યક્તિએ તમામ પ્રકારની બિનજરૂરી અને અણછાજતી ટીપ્પણીનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ.

તેઓએ લોકો સમક્ષ લડાઈ લડવી જોઈએ. આજકાલ મહારાષ્ટ્રમાં એવું કહેવામાં આવે છે કે, જો તમારે રાજકારણમાં આવવું હોય તો તમારી પાસે ગેંડા જેવી ચામડી હોવી જોઈએ.

માહિતી અને પ્રસારણ રાજ્ય પ્રધાન મુરુગને મદ્રાસ હાઈકોર્ટના ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે તેમની સામેની માનહાનિની કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. ડિસેમ્બર, ૨૦૨૦માં એક પ્રેસ



કોન્ફરન્સમાં તેમના કથિત બદનક્ષી ભર્યા નિવેદનો માટે ચેન્નાઈ સ્થિત મુરાસોલી ટ્રસ્ટે તેમની સામે માનહાનિની ફરિયાદ કરી હતી.

અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૩માં સર્વોચ્ચ અદાલતે મુરુગન સામે ફોજદારી બદનક્ષીની કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો. જસ્ટિસ બી આર ગવાઈ અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે બુધવારે આ કેસની સુનાવણી કરતાં મુરુગનના વકીલને પૂછ્યું હતું કે શું તમે એવું નિવેદન આપવા તૈયાર છો કે તમારો બદનક્ષી કરવાનો કોઈ ઈરાદો નહોતો? ટ્રસ્ટ વતી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે, હોદ્દો ધરાવતા વ્યક્તિઓએ જવાબદારીપૂર્વક વર્તન કરવું જોઈએ. તેઓ રાજકારણમાં નથી. જોકે ખંડપીઠે જણાવ્યું હતું કે મુક્ત વાણીના મુદ્દા, તમારે થોડો અવકાશ રાખવો જોઈએ. તમે રાજકારણમાં પ્રવેશ કરો છો, ત્યારે તમારે તમામ પ્રકારની બિનજરૂરી, અનુચિત ટીપ્પણીનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ.

અરજીકર્તા નિવેદન આપી રહ્યાં છે કે, તેમનો તમારી ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો. આ મુદ્દે ટ્રસ્ટના વકીલે સૂચનાઓ મેળવવા માટે ગુરુવાર સુધીનો સમય માંગ્યો હતો.

# PM મોદી - શાહ સહિત સાંસદોએ પાટીલની મહેમાનગતી માણી

## દિલ્હીમાં મીની ગુજરાત જેવું સ્નેહમિલન ખૂબ જ હળવા અને આનંદભર્યા વાતાવરણમાં યોજાયું : ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા - કેન્દ્રીય મંત્રીઓ પણ હાજર રહ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં ૧૫૬ બેઠકો પર ભાજપના ભવ્ય વિજયના શિલ્પી અને રાજય ભાજપના સંગઠનને 'તાકાત' બનાવનાર પ્રદેશ પ્રમુખ તથા કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર.પાટીલે ગઈકાલે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને યોજેલા ગુજરાતના ધારાસભ્યો, સાંસદો અને રાજય સાથે જોડાયેલા મહાનુભાવોનો સ્નેહમિલન મીની ગુજરાતની ઝાંખી કરાવી ગયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા ઉપરાંત ગુજરાતમાંથી ચુંટાયેલા સાંસદોમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મેળવવા મનસુખભાઈ માંડવીયા અને પુર્વ કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા આમ તમામ પ્રથમ વખત રાજયના ધારાસભ્યો સહિતના મહાનુભાવો એક જ સાથે જોવા મળ્યા હતા.

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા તેમના મંત્રીમંડળના તમામ સભ્યો ગઈકાલે જ દિલ્હી પહોંચી ગયા હતા તો કેન્દ્રીયમંત્રીઓમાં અશ્વીની વૈષ્ણવ, હરદીપસિંહ પુરી સહિતના મહાનુભાવો પણ જોડાયા હતા.

આમ પાટીલના નિવાસે ખુબજ એક પારિવારિક પ્રસંગ જેવી ઉષ્મા અને આનંદની પળો સર્જતું આ આયોજન બની રહ્યુંહતું. શ્રી પાટીલનો પુરો પરિવાર યજમાનની ભૂમિકામાં હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા જ પુરા પાટીલ પરિવારે તેમનું સ્વાગત કર્યુ અને પાટીલના પુત્ર તથા પુત્રવધુએ વડાપ્રધાન શ્રી મોદીને મગર પર સવાર લક્ષ્મી માતાની મૂર્તિ ભેટમાં આપી હતી. આ એક શાંતિ-સમૃદ્ધિ તથા પ્રગતિનું પ્રતિક છે. અમીત શાહ તથા જે.પી.નડ્ડા પહોચતા પાટીલે તેમનું પણ સ્વાગત કર્યુ હતું. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોનું પણ પાટીલ રૂબરૂ સ્વાગત કરી દરેક સાંસદ-ધારાસભ્યોને તેઓ મળવા પહોચતા હતા.આ સ્નેહમિલનમાં કોંગ્રેસના પુર્વ નેતા અને હવે ભાજપના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા અને સી.જે.ચાવડા



પણ ઉપસ્થિત હતા. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી જેણે હાલમાં જ વાવ બેઠક પર ભાજપને વિજેતા બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓના ચહેરા પર ગર્વ સાથે સ્મીત નજરે ચડતું હતું. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી- અમીત શાહ, જે.પી.નડ્ડા, સી.આર.પાટીલ અને પુરૂષોતમ રૂપાલા અને મનસુખ માંડવીયાએ એક જ ટેબલ પર બેસી ભોજનની મોજ માણી હતી. ભોજન પુરુ ગુજરાતી સ્ટાઈલનું અને સુરતની વાનગીઓની વિષમતા સાથે હતું.

સુરતી ઉંધીયુ-ધારીએ સૌથી વધુ સ્વાદ ભરી પીરસવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીઓ તથા સાંસદો-ધારાસભ્યોએ પણ આ સ્નેહમિલનમાં એકબીજાને મળવાનો આનંદ માણ્યો હતો. બાદમાં વિદાયવેળાએ પાટીલે યાદગીરી રૂપે તમામને એક હાથમાં રાખવાનું પાકીટ અને બોલપેન પણ ભેટમાં આપ્યા હતા.

# બીટકોઈનનો ભાવ ૧ લાખ ડોલરને પાર

## ટ્રમ્પ શાસનમાં અમેરિકાને ક્રિપ્ટો કરન્સીનું પાટનગર બનાવવાની જાહેરાતથી તેજીના ઘોડાપુર

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં આગામી મહિનેથી ડોનાલ્ડ ટ્રમ્પ શાસનના પ્રારંભ પુર્વે તેમની પ્રિય ક્રિપ્ટો કરન્સીમાં બિટકોઈન માટે હવે ખુબજ સારા દિવસો આવી રહ્યા હોવાના સંકેત છે. પ્રથમ વખત આ વર્ચ્યુઅલ કરન્સી ૧ લાખ ડોલરને પાર થઈ છે. ૫.૯%ની વૃદ્ધિ સાથે પ્રતિ બીટકોઈનનો ભાવ ૧૦૧૪૩૮.૯ ડોલર પહોંચી ગયો છે. અમેરિકામાં ટ્રમ્પના વિજયથી જ બીટકોઈનની પણ તેજી શરૂ થઈ હતી અને પ્રથમ વખત તે એક લાખ ડોલરને પાર થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેના ખાસ સાથી એલન મસ્ક એ ક્રિપ્ટો કરન્સીના ખાસ ચાહક છે અને એક વખત ટ્રમ્પ શાસનના પ્રારંભથી જ વર્ચ્યુઅલ કરન્સીનો નવો યુગ શરૂ થશે તેવું ચિત્ર છે. ટ્રમ્પ શાસનમાં ક્રિપ્ટો માટે એક એડવાઈઝરી કાઉન્સીલ રચવા અને તેના બિઝનેસ વેન્ચર અને તેમાં હવે અમેરિકી સંસ્થાકીય રોકાણકારો પણ પ્રવેશે તેવી શકયતા છે. જો કે આ વર્ચ્યુઅલ કરન્સી સામે અનેક પ્રશ્નો છે અને વિવાદ પણ તેવાજ છે.

ભારત સહિત અનેક દેશોએ હજુ ક્રિપ્ટોકરન્સીને માન્યતા આપી નથી અને તેના રેગ્યુલેશન સ્થાનિક સ્તરે કામીયાબ બની શકે કે કેમ તે પ્રશ્ન છે. ટ્રમ્પે તેમના શાસનમાં અમેરિકાને બીટકોઈન સહિતની તમામ ક્રિપ્ટોકરન્સીનું પાટનગર બનાવવાની જાહેરાત કરી હતી. ઉપરાંત ટ્રમ્પ



શાસનમાં જેની ભૂમિકા મહત્વની હશે તે એલન મસ્ક આ ક્રિપ્ટો પોલીસીના હિમાયતી છે અને ટ્રમ્પની અન્ય નિયુક્તિઓ પણ ક્રિપ્ટો હિમાયતીમાં છે. ઈન્સ્ટીટયુટ- રોકાણકારો પણ બિટકોઈનમાં સૌ વિશ્વાસ ધરાવે છે. એક જ દિવસમાં ૬૭૬ મિલીયન ડોલરનું રોકાણ આ વર્ચ્યુઅલ કરન્સીમાં કર્યુ છે અને આગામી દિવસોમાં બીટકોઈન ૧.૨૦ લાખ ડોલરની કિંમતે પહોંચે તેવી ધારણા છે. આ વર્ષમાં ટ્રમ્પના વિજય બાદ બીટકોઈનના ભાવ ૫૦ અને વર્ષ દરમ્યાન ૧૩૪%નો વધારો થયો છે. અમેરિકાનું સિકયોરિટી એન્ડ એકસચેંજ કમીશનના વડા તરીકે પૌલ ચેટકીનની નિયુક્તિ થઈ છે તેઓ ક્રિપ્ટોકરન્સીના હિમાયતી છે અને તેઓ ટુંક સમયમાં તેની મોનેટરીંગ પોલીસી પણ જાહેર કરશે.

# પુષ્પા-ટુ'ના રીલીઝ પૂર્વેનાં પ્રિમીયર શોમાં જ નાસભાગ અને ધમાચકડી સર્જાઈ

## અભિનેતા અલ્લૂ અર્જુનની હાજરીને કારણે હજારો ફેન્સ કાબુ બહાર થતાં લાઠીચાર્જને પગલે ધમાચકડી સર્જાઈ

**મુખ્ય સમાચાર,હૈદરાબાદ**

ભારતીય સિને ઈતિહાસમાં અનેકવિધ નવા રેકોર્ડ સર્જનારી અને ખુબ ગાજેલી દક્ષિણના અભિનેતા અલ્લૂ અર્જુનની ફિલ્મ નપુષ્પા-ટુથના રીલીઝ પૂર્વેનાં પ્રિમીયર શોમાં જ નાસભાગ અને ધમાચકડી સર્જાઈ હતી.

જેમાં એક મહિલાનું મોત નીપજયુ હતું. જયારે બાળક સહીત બે લોકો ઘાયલ થયા હતા.ભારે ધકકામુકકી થતા સ્થિતિને કાબુમાં લેવા પોલીસને લાઠીચાર્જ કરવો પડયો હતો. પરીણામે નાસભાગ થઈ હતી.

દેશભરમાં આજથી પુષ્પા-ટુની રીલીઝ પુર્વે હૈદરાબાદનાં સંધ્યા થીયેટરમાં ખાસ પ્રિમીયર શો ચલાવવામાં આવ્યો હતો. ફિલ્મનો અભિનેતા અલ્લુ અર્જુન પણ હાજર રહેવાનો હોવાથી હજારોની સંખ્યામાં દર્શકો ફેન્સ ઉમટી પડયા હતા. ચિકકાર મેદનીને જાળવવાની જ થીયેટરની ક્ષમતા ન હતી. ભારે ધકકામુકકીની સ્થિતિ રોકવા માટે પોલીસને હળવો લાઠીચાર્જ કરવો પડયો હતો. પરીણામે નાસભાગ મચી હતી. ૩૯ વર્ષિય મહિલા તથા ૯ વર્ષનાં બાળક સહીત કેટલાંક લોકો કચડાયા હતા. પોલીસે સીપીઆર આપીને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો.તાત્કાલીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં મહિલાનું મોત નીપજયુ હતું. બેભાન બની ગયેલા બાળક સહીત બેની હાલત ગંભીર છે. સંધ્યા થીયેટર પહોંચેલા લ્લુ અર્જુન ફેન્સનું અભિવાદન




ઝીલ્યુ હતું. તે થીયેટરની અંદર ગયા બાદ સુરક્ષા વ્યવસ્થા વધુ જડબેસલાક બનાવવામાં આવી હતી. થીયેટરમાંથી બહાર નીકળતી વખતે તેની કારને ફેન્સે ઘેરી લીધી હતી. ત્યારે પોતાની કારનાં સનરૂફમાંથી ઉભા થઈને પોતાને રવાના થવા દેવા વિનંતી કરવી પડી હતી. પોલીસના સુત્રોએ કહ્યું કે મૃતક યુવતી રેવતી પોતાના પતિ અને બે બાળકો સાથે ફીલ્મ જોવા આવી હતી તેનાં ઈજાગ્રસ્ત બાળકની હાલત નાજુક ગણાવાય છે.

# મનપાના ૧૮ કોમ્યુનિટી હોલ છ મહિનાથી ધૂળ ખાય છે છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી

## લગ્નગાળો માથે હોય ત્વરિત હોલ ખોલી લોકોને પ્રસંગે માટે સોંપી, લૂંટાતા લોકોની પરસેવાની કમાણી બચાવવાં કોંગ્રેસ અગ્રણી ગોપાલભાઈ અનડકટની માંગ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરનો દિવસે ને દિવસે વિકાસ થઈ રહ્યો છે તો બીજી તરફ તંત્ર સુવિધાઓમાં પણ ઉતરોતર વધારો કરી રહ્યું છે. પરંતુ તંત્રના પાપે લોકોની સુવિધા માટે ઉભી કરાયેલ મિલ્કતો ધૂળ ખાતી થઈ ગઈ છે. મનપા સંચાલિત ૧૮ કોમ્યુનીટી હોલ છેલ્લા છ મહિનાથી બંધ હોવાથી લોકોને લગ્ન સીઝનમાં ના છૂટકે મોઘાદાટ પાર્ટી પ્લોટમાં પ્રસંગ યોજવા મજબુર બનવું પડી રહ્યું છે. હજુ પણ લગ્નસરાની સીઝન ચાલુ હોય ત્યારે ત્વરીત ઘટતી કામગીરી કરી મનપાએ હોલ ચાલુ કરી લોકોના લૂંટાતા પૈસા બચાવી રાહત આપવા કોંગ્રેસ અગ્રણી ગોપાલભાઈ અનડકટ દ્વારા મનપાને રોષભેર રજુઆત કરવામાં આવી છે.પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી અને રાજકોટ શહેર કોગ્રેસ અગ્રણી ગોપાલભાઈ અનડકટ દ્વારા મનપાના નિંદ્રાધીન તંત્રને ઢંઢોળતી રજૂઆત કરતા જણાવાયું છે કે હાલ દિવસે ને દિવસે મોંઘવારી વધી રહી છે. લોકોને બે છેડા ભેગા કરવા પણ મુશ્કેલ બની રહ્યા છે આવી પરિસ્થિતિમાં દીકરા કે દીકરના લગ્ન કરવાના દરેક માં-બાપના અરમાન હોય છે અને ફરજ પણ હોય છે પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં માવતરના આ સપના મનપાની મેલી મુરાદને લીધે ચૂર ચૂર થઈ રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ૧૯ કોમ્યુનીટી હોલ સારા માઠા પ્રસંગ માટે બનાવવામાં આવ્યા છે પરંતુ અગ્નિકાંડની ઘટના બાદ ૧૮ હોલને ત્વરીત તાળા મારી દેવામાં આવ્યા છે જેન હાલ છ મહિના વીતી ગયા છતાં હજુ સુધી એકપણ હોલના તાળા ખોલવામાં આવ્યા નથી. રાજય સરકારની એસઓપી પ્રમાણે ઘટતી કામગીરી કરવામાં ખુદ મનપા તંત્રને આળસ આવી રહી છે અને તેના પાપે લગ્ન પ્રસંગે યોજતા પરિવારને પોતાની પરસેવાની કમાણી ગુમાવવાનો વખત આવી રહ્યો છે કારણે મનપા કોમ્યુનીટી હોલ જે નજીવા દરે ભાડે મળતા હોય છે પરંતુ હાલ બંધ હોવાથી ના છુટકે માવતરને મોઘાદાટ પાર્ટી પ્લોટ ભાડે રાખી પ્રસંગ યોજવા મજબુર બનવું પડી રહ્યું છે કદાચ એટલે પૈસામાં કોઈ સામાન્ય પરિવાર દીકરી કે વહુના દાગીના પણ બનાવી શકે છે તેટલો વધુ ખર્ચ માત્ર ને માત્ર મનપાની અણઆવડતને લીધે કરવો પડી રહ્યો છે.

હાલ લગ્નસરાની સીઝન ચાલુ છે કે ત્યારે જો મનપાના ભ્રષ્ટ અધિકારો આળસ ખંખેરી જે બંધ છે તે હોલ ત્વરીત કામગીરીઓ કરી લોકોની સુખાકારી માટે ખોલે તો અનેક લોકો જેમણે પ્રસંગનું આયોજન નક્કી કર્યું છે તે લોકોને કોમ્યુનીટી હોલ ઉપયોગ માટે મળે તો ખર્ચમાં પણ મોટી રાહત મળી શકે છે. લોકોની પરસેવાનની કમાણીઓ વ્યય થતો બચાવવાં ત્વરીત કામગીરી કરી મનપા હોલ લોકો માટે ખોલી આપે તેવી માંગણી ગોપાલભાઈ અનડકટ દ્વારા કરવામાં આવી છે.

# કોટડાસાંગાણી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગ લાભાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

■ ૧૩૫ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૦.૯૬ લાખથી વધુ રકમની સહાય વિતરણ કરાઇ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સામુહિક આરોગ્ય કેન્દ્ર કોટડાસાંગાણી ખાતે ૧૩૫ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૦.૯૬ લાખથી વધુ રકમના ખર્ચે સહાય વિતરણ કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના આયોજનથી પીજીવીસીએલના સી.એસ.આર ફંડથી અલીમ્કો ઉજ્જૈન દ્વારા આ નિઃશુલ્ક દિવ્યાંગ સહાયક ઉપકરણ માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયુ હતુ.

જેમાં લાભાર્થીઓને નવા ડોક્ટરી સર્ટી, ડ્ખઉંઅઢ કાર્ડ, આભાકાર્ડ ઈસ્યુ કરાયા હતા. ઉપરાંત એલીમ્કો દ્વારા લાભાર્થીઓને મોટ્રાઈઝ બેટરી બાઈક, ટ્રાઈસીકલ, વ્હીલચેર, ટી એલ એમ કીટ, કાખ ઘોડી, વોકિંગ સ્ટિક, હિયરિંગ એડ, સુગમ્ય કેન, સિલિકોન ફોમ, ટેટ્રા પોર્ડ, સીપી ચેર, સેલ ફોન, અઉક કીટ વગેરે સહાયક ઉપકરણ મંજુર કરાયા હતા જેની કુલ રકમ ૧૦,૯૬,૮૨૫/- થાય છે. સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૩૧ લાભાર્થીઓને યોજનાકીય લાભો મંજુર કરાયા હતા, તેમ કોટડાસાંગાણીના માલતદાર જી.બી.જાડેજી યાદીમાં જણાવાયું છે.

# યુવા ઉત્સવ વિસરાતી જતી કળાઓને જીવંત રાખવા તથા વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્ત કૌશલ્યને ઉજાગર કરવાનું માધ્યમ બન્યો છે : મેયર નયનાબેન પેઢડીયા

## અતિથિઓએ એગ્રો પ્રોડક્ટ, ટેકસ ટાઈલ્સ, હેન્ડી ક્રાફ્ટ, વિજ્ઞાન મેળાનું પ્રદર્શન નિહાળ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે હેમુગઢવી હોલ ખાતે આયોજિત રાજ્યકક્ષા યુવા ઉત્સવ - ૨૦૨૪નો શુભારંભ મેયર નયનાબેન પેઢડીયાના હસ્તે કરાયો હતો. ઉલ્લેખનીય છે કે આ ત્રિદિવસીય યુવા ઉત્સવમાં કુલ ૪૦ સ્પર્ધાઓમાં ઝોનકક્ષાએ પ્રથમ ક્રમ અને દ્વિતિય ક્રમે વિજેતા થયેલા કુલ ૧૧૫૦ કલાકારો ભાગ લઈ રહ્યા છે.

આ તકે રાજકોટ શહેરના પ્રથમ નાગરિક નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે અહીં દુહા, છંદ, લોકગીત, લોકનૃત્ય જેવી અનેક કલાઓના કલાકારોને મંચ પ્રાપ્ત થનારું છે. યુવા ઉત્સવ વિસરાતી જતી કળાઓને જીવંત રાખવા તથા વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્ત કૌશલ્યને ઉજાગર કરવાનું માધ્યમ બન્યો છે. ગુજરાત સરકાર ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, યુવા મહોત્સવ જેવા અનેક પ્રકલ્પો થકી યુવા પ્રતિભાની કલા અને આવડતને પ્રોત્સાહન આપે છે. રાજ્યભરમાંથી ભાગ લેવા આવેલા સ્પર્ધકો ઉત્કૃષ્ટ દેખાવ કરીને રાષ્ટ્રકક્ષાએ વિજેતા બને, તેવી શુભેચ્છા છે. સાથેસાથે સ્પર્ધકો અટલ સરોવર, પ્રદ્યુમ્ન પાર્ક જેવા ફરવાલાયક સ્થળોની મુલાકાત લે, તેવો અનુરોધ છે.

આ પ્રસંગે મહેમાનોનું ઢોલનગારાંના નાદ સાથે સ્વાગત કરાયું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટથી મહેમાનોનું અભિવાદન કરાયું હતું. રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પરેશભાઈ વડગામાએ



કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અતિથિઓએ એગ્રો પ્રોડક્ટ, ટેકસ ટાઈલ્સ, હેન્ડી ક્રાફ્ટ, વિજ્ઞાન મેળાનું રીબીન કટ કરીને ઉદ્દઘાટન કરીને પ્રદર્શન નિહાળ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી મહેકબેન જૈન, રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ, સુરેન્દ્રનગર જિલ્લા યુવા વિકાસ અધિકારી ભરતસિંહ ગોહિલ, જામનગર જિલ્લા યુવા વિકાસ અધિકારી મોહસીન ખાન પઠાણ, ગીર સોમનાથ જિલ્લા યુવા વિકાસ અધિકારી હરેશભાઈ મકવાણા, ભરૂચ જિલ્લા યુવા વિકાસ અધિકારી મીતાબેન ગવલી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ મનપામાં કોઈ કામ કરવા નથી તૈયાર, અગ્નિકાંડ બાદ સરકારે મૂકેલા કમિશનર દેવાંગ દેસાઈએ પણ માંગેલી બદલી મંજૂર થઈ

## અગ્નિકાંડ બાદ મનપાના ૧૫ અધિકારીઓ કર્મચારીઓ આપી ચુક્યા છે રાજીનામાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ઝછઝ ગેમઝોન અગ્નિકાંડની જ્વાળા હજુ પણ રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં લવકારા મારી રહી છે. આજે ૬ મહિનાની અંદર જ સરકારે મુકેલા મનપા કમિશનર દેવાંગ દેસાઈની પણ બદલી કરી દેવામાં આવી છે અને તેમની જગ્યાએ નવા કમિશનર તરીકે તુષાર સુમેરાણી નિમણુંક કરવામાં આવી છે. ચર્ચા એવી છે કે, દેવાંગ દેસાઈને અહીંયા કામ કરવું ફાવતું ન હતું અને તેમને સરકાર પાસે બદલી માટે માંગણી કરી હતી જે મંજુર કરી. સરકાર દ્વારા આજે તેમની બદલી રાજકોટથી ગાંધીનગર ખાતે કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ઝછઝ ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપામાં ફરજ બજાવતા ૧૫ જેટલા અધિકારીઓ કર્મચારીઓ રાજીનામાં આપી ચુક્યા છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ઈઅજ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નવા ચેરમેન તરીકે ઈઅજ તુષાર ધોળકીયાને નિયુક્ત કરવામાં આવ્યા છે. જોકે, આ પહેલાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બોર્ડના નવા ચેરમેન ઈઅજ અધિકારી કમલ દાયાણી હતા. જ્યારે ઈઅજ અધિકારી ગૌરાંગ એચ.મકવાણાને ભરૂચના કલેક્ટર બનાવવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગર પાલિકામાં ૬ મહિના પૂર્વે કમિશનર બનેલા દેવાંગ દેસાઈની પણ બદલી કરી દેવામાં આવી છે. ૨૫ મે, ૨૦૨૪ના રોજ નાના મવા રોડ પર ઝછઝ ગેમઝોન ખાતે અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ બાદ સરકાર દ્વારા તાત્કાલિક અસરથી આનંદ પટેલની બદલી કરી તેમની ખાલી પડેલી જગ્યાએ દેવાંગ દેસાઈને મનપા કમિશનર તરીકે મૂકવામાં આવ્યા હતા. આ પછી રાજકોટ મનપામાં એક





બાદ એક મળી કુલ ૧૫ અધિકારી કર્મચારીએ રાજીનામાં ધરી દીધા છે અને હવે દેવાંગ દેસાઈની પણ બદલી કરી તેઓને ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે અને તેમની જગ્યાએ રાજકોટના નવા કમિશનર તરીકે ૨૦૧૨ ગુજરાત કેડરના ઈઅજ ઓફિસર તુષાર સુમેરાની નિમણુંક કરવામાં આવી છે. તાજેતરમાં ડી.પી.દેસાઈ રજા મૂક્યા બાદ કોઈ પણને ચાર્જ સોંપ્યા વગર જતા રહેતા તર્ક વિતર્કો સર્જાઈ હતી. એક ચર્ચા મુજબ રાજકોટમાં કમિશનર દેવાંગ દેસાઈને તેમના કામથી સંતોષ ન હતો અને અહીંયાનું વાતાવરણ અનુકૂળ આવતું ન હોવાથી તેઓએ સરકાર પાસે બદલીની માંગણી કરી હતી જેને સરકારે માન્ય રાખી બદલી કરી આપી છે. હવે રાજકોટ મનપાના નવા કમિશ્નર તરીકે તુષાર સુમેરા ચાર્જ સંભાળશે. તુષાર સુમેરા હાલ ભરૂચ કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે.

# શહેરમાં ૧૦ હજારથી વધુ સ્માર્ટ મીટર પોસ્ટપેડ કરાયા, રિચાર્જ કરવામાંથી મુક્તિ, માસાંતે વીજબિલ જ આવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં સ્માર્ટ મીટર લગાવવા મુદ્દે અગાઉ વિવાદ થયા બાદ વીજકંપનીએ નિયમોમાં કેટલાક બદલાવ કર્યા હતા. સ્માર્ટ મીટર પ્રિ-પેડને બદલે પોસ્ટપેડ કરી દેવાયા છે એટલે કે ગ્રાહકે હવે અગાઉ રિચાર્જ નહીં કરાવવું પડે પરંતુ જૂના મીટરની જેમ જ દર એક કે બે મહિનાની સાઈકલ પ્રમાણે જ બિલ આવશે. રાજકોટમાં અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ સ્માર્ટ મીટરને પોસ્ટપેડ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે કોઈ ગ્રાહકને સ્માર્ટ મીટર અંગે કોઈ દુવિધા હોય તો તે સ્માર્ટ મીટરની સાથે ચેક મીટર પણ લગાવી શકે છે.

અગાઉ સ્માર્ટ મીટરને લઈને રાજકોટ સહિત રાજ્યભરમાં વિરોધ ઉઠ્યો હતો. ખાસ કરીને લોકોના વિરોધ બાદ સરકારી કચેરીઓમાં સ્માર્ટ મીટર લગાવવા કવાયત કરાઈ રહી છે. અગાઉ જ્યારે પ્રિ-પેડ સ્માર્ટ મીટર લગાવવાના હતા ત્યારે સરકારે જૂના બિલના નાણાં ગ્રાહકો પાસેથી સ્માર્ટ મીટરના રિચાર્જમાંથી નહીં પરંતુ સરળ હપ્તે વસૂલવાનો નિર્ણય કરાયો હતો. જોકે રાજ્યભરમાં સ્માર્ટ મીટરના વિરોધ બાદ હવે પીજીવીસીએલ દ્વારા છેલ્લા કેટલાક સમયથી પ્રિ-પેડને બદલે પોસ્ટપેડ સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા છે જેમાં ગ્રાહકને રિચાર્જ કરવામાંથી મુક્તિ મળી છે.

૧ જે ગ્રાહકો સ્માર્ટ મીટરની સાથે ચેક મીટર લગાડવા ઈચ્છુક હશે તેના ઘરે ચેક મીટર લગાડાશે. જેથી બંને મીટરનો વપરાશ સરખાવી શકાય.

૨ સ્માર્ટ મીટર ગ્રાહકો દૈનિક વીજ વપરાશના યુનિટ પોતાની મોબાઈલ એપ્લિકેશન પર જોઈ શકશે.

૩ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને સ્માર્ટ મીટરની એપ્લિકેશન પર માસિક બિલ અપાશે.

૪ ડ્રૠટઈકની મોબાઈલ એપના ઉપયોગથી દૈનિક, સાપ્તાહિક, માસિક વીજ વપરાશ જાણી શકાય છે.

૫ વીજ વપરાશને તપાસી, ટ્રેક



પણ કરી શકાય છે. આ માહિતી માસિક/દૈનિક સરખામણી સાથે વીજળી વપરાશના ડેટાને ટ્રેક કરી શકે છે જેથી વીજ વપરાશ ઘટી જશે.

૬ વીજ વપરાશનો ડેટા સંગ્રહિત થશે, વીજબિલ માટે માણસો નહીં દોડાવવા પડે.

ચાર વીજકંપનીઓ એમજીવીસીએલ, પીજીવીસીએલ, ડીજીવીસીએલ અને યુજીવીસીએલ દ્વારા ગુજરાતમાં ફાળવવામાં આવેલા ૧.૬૩ કરોડ સ્માર્ટ મીટરની સામે માત્ર ૧.૭૩ લાખ જેટલા સ્માર્ટ મીટર ફિટ કરાયા છે.

# રૈયામાં રૂ.૫૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

## બાપા સીતારામ ચોક નજીક ૫૦૦૦ ચો.મી. સરકારી જમીન પરના ૫ ગેરેજ-દુકાન સહિત ૧૦ ઓરડીનું પોલીસના બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરકારી જમીન પર થયેલા ધાર્મિક સહીતના દબાણો હટાવવા માટેની કાર્યવાહી કરવા સુપ્રિમના આદેશ બાદ રાજકોટ જિલ્લામાં ડિમોલીશનની કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં અંદાજે ૨૦૦૦ થી વધુ દબાણો સરકારી જમીન પર ખડકી દેવામાં આવેલા છે. તેની યાદી મુજબ દુર કરવાની કામગીરી કલેકટર તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આજે કલેકટરની સુચના મુજબ પશ્ચિમ મામલતદાર દ્વારા રૈયા રોડ નજીક બાપા સીતારામ ચોક પાસે ૫૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ હતી.

રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલ બાપા સીતારામ ચોક નજીક પશ્ચિમ મામલતદાર દ્વારા રૈયા ગામની યુએલસી ફાજલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ પૈકીની પાંચ હજારના ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જેમની બજાર કિંમત ૫૦ કરોડથી પણ વધુ થવા જાય છે. પશ્ચિમ મામલતદાર દ્વારા અગાઉ બે થી ત્રણ વખત નોટિસ આપવા છતાં પણ દબાણ દૂર ન કરતા આજે પશ્ચિમ મામલતદાર દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી હાથ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર આજે વહેલી સવારે જ બાપા સીતારામ ચોક નજીક વર્ષોથી અડ્ડો જમાવી બેઠેલા રૈયા ગામ સર્વે નંબર ૧૫૬ પ્લોટમાં છેલ્લા કેટલાય વર્ષોથી પાંચ ગેરેજો, એક પાનની દુકાન, ૧૦ જેટલી ઓરડિયો સહિતના દબાણો પશ્ચિમ મામલતદાર એ.એમ જોશી, નાયબ મામલતદાર મહિરાજસિંહ પી ઝાલા, સર્કલ ઓફિસર ડી એલ પાદરીયા તલાટી શૈલેન્દ્રસિંહ રાણા, પુનમબેન કોરાટ, સ્નેહલબેન ગઢવી, રોહિણીબેન લાડવા તથા ગુંજનબેન ત્રિવેદી તેમજ ગાંધીગ્રામ પોલીસના બંદોબસ્ત સાથે ૫૦ કરોડથી વધુ કિંમતની જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

પશ્ચિમ મામલતદાર એ.એમ જોષી એ જણાવ્યું હતું કે રૈયા ગામ વિસ્તારમાં ટી.પી ફાઈનલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ જુદા જુદા વાણિજ્ય પ્રકારના ૧૬ જેટલા દબાણ કરવામાં આવ્યા હતા. યુ.એલ.સી પ્લોટનું દબાણ આજે ખુલ્લું કરાવવામાં આવ્યું હતું. વર્ષોથી સરકારી જમીન પર દબાણ કરેલા દબાણો પર બુલડોઝર ફરી વળ્યું હતું. સરકારની કરોડોની જમીન ખુલ્લી કરવામાં આવી હતી.વર્ષોથી પાંચ ગેરેજો, એક પાનની દુકાન અને ૧૦ જેટલી ઓરડિયોનું બાંધકામ કરીને ભાડે આપી દેવામાં આવી હતી. ત્રણ જેટલી નોટિસ આપ્યા



છતાં પણ દબાણ દૂર ન કરતા આજે પાંચ હજાર ચોરસ મીટર પ્લોટની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જેમની અંદાજી બજાર કિંમત ૫૦ કરોડથી પણ વધુ થવા જાય છે. અત્રે નોંધનીય છે કે, શહેર જિલ્લામાં રેવન્યુ તંત્રને આ ડિમોલીશન ઝુંબેશ હજુ પણ અવિરત રહેનાર છે. હાલમાં વિવિધ સ્થળોએ દબાણોનો સર્વે ચાલી રહ્યો છે ત્યારે ફરી ટૂંક સમયમાં ડિમોલિશન હાથ ધરાશે.

# કોઠારીયા સોલ્વન્ટ પાસે વિદેશી દારૂનું કટીંગ થાય તે પૂર્વે ગુના નિવારણ શાખા ની ટીમ ત્રાટકી

## ચોટીલાના ફલસર ગામનો શખ્સ આઈટેન કાર સાથે ઝડપાયો, રૂપિયા ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે અન્ય ત્રણ દરોડામાં મહિલા સહિત બેની વિદેશી દારૂ ના ચપલા સાથે અટકાયત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઠંડીની ઋતુ શરૂ થઈ છે ત્યારે પ્યાસીઓને પણ અભ્યાસ બુજાવવા અને ઠંડી સામે રક્ષણ મેળવવા દારૂ પીવાની વધુ આદત પડી હોય જેનો લાભ ઉઠાવી બુટલેગરો પણ દારૂ મંગાવવામાં સક્રિય બન્યા છે ત્યારે ગુના નિવારણ શાખાની ટીમે બુટલેગરો સામે લાલા કરી ત્રણ દરોડામાં વિદેશી દારૂ નો જથ્થો ઝડપી લઈ રૂપિયા ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગુના નિવારણ શાખાના પીએસઆઈ એમ જે હુણ ની સુચનાથી કોન્સ્ટેબલ વિજયભાઈ મહેતા કુલદીપ સિંહ અને યુવરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે





ઉનાળાવડ શેરી નંબર ત્રણમાં દડો પાડી મીના વિજય રાઠોડ નામની મહિલાને ૧૮૦ એમ.એલ ના ૨૬ ચપલા સાથે અટકાયત કરી હતી બીજા દરોડામાં બોલબલા ૮૦ ફુટ રોડ પર વિરાણી અઘાત પાછળ ફારૂક મજીદ સાંજે નામના વિનોદ નગર આવાસ યોજના ક્વોટરમાં રહેતા શખ્સને દબોચી લઈ ૧૯૨ ચપલા કિંમત રૂપિયા ૧૯,૨૦૦ ના મુદ્દા માલ સાથે ધરપકડ કરી હતી જ્યારે કોઠારીયા ગામ પાણીના ટાંકા સામેની શેરીમાં વીક્ષમફશ શ૧૦ કાર લષ ૩ જે આર ૮૨૮૧ માં મૂળ ચોટીલાના કુલસર ગામ ને રહેતો અને હાલ કોઠારીયા સોલ્વન્ટ પાસે શિવ શકિત સોસાયટીમાં રહેતો ભીમા મેરા મીર નામનો વિદેશી દારૂની ૬૦ બોટલ અને દેખ ભાઈ પર ની ૨૨ બોટલ કારમાં ભરીને નીકળતા પોલીસે દબોચી લઈ રૂપિયા ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે

# ઉના પ્રાંત કચેરીમાં વહેલી સવારે લાગેલી આગથી કિંમતી કાગળો અને ફાઈલો ભસ્મીભૂત

## ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી

**મુખ્ય સમાચાર,ઉના**
(અબ્દુલ પઠાણ દ્વારા)

ઉના પ્રાંત કચેરીમાં આજરોજ વહેલી સવારે આગ લાગવાનો બનાવ બન્યો હતો. જેમાં કચેરીમાં પ્રવેશતા જ ડાબી બાજુના ભાગે આવેલા એટીવીટી શાખા અને સબ રજીસ્ટાર કચેરીના રૂમમાં આગ લાગતા કિંમતી કાગળો અને ફાઈલો આગની લપેટમાં આવી જતા ભસ્મીભૂત થઈ ગઈ હતી. જોકે, ઘટનાની જાણ ઉના પાલિકાના ફાયર બ્રિગેડને થતાં ફાયર વિભાગની ટીમ સહિત કચેરીના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.ઉના પ્રાંત કચેરી ખાતે આવેલા ફાયર વિભાગની ટીમે સૌપ્રથમ જે રૂમમાં આગ લાગી હતી તે વધુ પ્રસરે નહીં તે માટે મહામુસીબતે રૂમના કાચના દરવાજા તોડી પાડ્યા હતા. આ બાદ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ લેવાયો હતો. આ ઘટનાની જાણ ઉના પ્રાંત અધિકારીને થઈ હતી. જે બાદ ઉના સબ રજીસ્ટાર, ઉના ચીફ ઓફિસર સહિતનાઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ લાગેલી આગ પર પાણીનો સતત મારો ચલાવતા મોટી જાનહાનિ થતા ટળી હતી.

ઉના ચીફ ઓફિસર ચૌહાણ દ્વારા જણાવાયું હતું કે, અમને સ્થાનિક વ્યક્તિ દ્વારા ફોન આવતા ફાયર



બ્રિગેડના જયેશ રાઠોડ, અશોક રાઠોડ, વિજય સોલંકી, હસુ ભાઈ, નાનજીભાઈ સહિતના કર્મીઓ બે વોટર બ્રાઉઝર સહિત રેસ્ક્યૂ ટેન્ડર લઈને અહીંયા દોડી આવ્યા હતા. આગ ગ્રાઉન્ડ ફ્લોરના નીચેના રૂમમાં લાગેલા હતા. સૌપ્રથમ તો આ આગ વધુ પ્રસરે નહીં તે દિશામાં પગલા લીધા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી બુઝાવી દીધી હતી. આ આગ લાગેલી બંને રૂમમાં રાખવામાં આવેલ કાગળો, ફાઈલો સહિત અન્ય માલસામાનને નુકસાન થયું છે. સતત એક કલાકથી વધુ સમય સુધી આગ પર પાણીનો મારો ચલાવાતા આગ પર કાબૂ મેળવાયો હતો. જે બાદ ઉના પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા આગમાં બચી ગયેલી કિંમતી ફાઈલો તેમજ કબાટો અને પેટીઓ બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રાંત કચેરીમાં લાગેલી આગનું કારણ હજુ અકબંધ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

